# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)

## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || academic@bknmu.edu.in

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૯૧૬ /૨૦૨૬ તા.૩૦/૦૯/૨૦૨૬

વિષયઃ- પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત ઓન-કેમ્પસ નોમિનેશન અરજીઓ મોકલાવવા બાબત.

સંદર્ભઃ- નોડલ અધિકારી સ્પંદન પ્રોજેક્ટ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, જૂનાગઢની કચેરીના પત્ર ક્રમાંકઃએસબી-૩/૨૫૭/પ્રોજેક્ટ SPANDAN/૧૫૬૪૦/૨૦૨૬, તા.૨૯/૦૯/૨૦૨૬.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નોડલ અધિકારી સ્પંદન પ્રોજેક્ટ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, જૂનાગઢની કચેરીના સંદર્ભિત પત્ર અનુસંધાને પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા., ગાંધીનગરનાઓની કચેરીના પત્ર અન્વયે પ્રોજેક્ટ SPANDAN (Establishment of research fund for Gujarat police) એ ગુજરાત પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલ એક મહત્વની પહેલ છે. જેનો મુખ્ય ઉદેશ્ય પોલીસ દળની કાર્યક્ષમતા વધારવા માટે આધુનીક ટેકનોલોજી અને સંશોધનનો ઉપયોગ કરવાનો છે. ઉક્ત સંદર્ભ પત્ર અનુસાર ગુજરાત પોલીસ આધુનીક સંશોધન અને શૈક્ષણિક વિષયોના સમન્વય માટે "પ્રોજેક્ટ SPANDAN" હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈન્ટર્નશીપ પ્રોગ્રામ હેઠળ ગુજરાત પોલીસ વિદ્યાર્થીઓને ઈન્ટર્ન્સ તરીકે જોડાવવાની તક આપવા માટે રૂા.૨.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના જીલ્લામાં કુલ-૦૩ ઇન્ટર્ન્સ અને નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ જુનાગઢનાઓની કચેરી ખાતે ફાળવેલ-૦૧ ઇન્ટર્ન્સ એમ કુલ-૦૪ ઇન્ટર્ન્સની ફાળવણી કરવા જણાવેલ છે. જે ઇન્ટર્ન્સને દર મહિને રૂા.૮,૦૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવશે.

ઉક્ત વિગતે નોડલ અધિકારી સ્પંદન પ્રોજેક્ટ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, જૂનાગઢની કચેરીનો આ સાથે સામેલ સંદર્ભિત પત્ર વંચાણે લઈ આપની કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ઈચ્છા ધરાવતા અને પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરનાઓ દ્વારા નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત અને પાત્રતા પૂર્ણ કરતા ઉમેદવારોએ Curriculum Vitae (CV), શૈક્ષણિક પ્રમાણપત્રો સાથેની અરજી તા.૦૫/૧૦/૨૦૨૬ સુધીમાં પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના શીટ શાખામાં મળી રહે તે મુજબ મોકલી આપવાની કાર્યવાહી કરવાનું પત્ર મુજબ જણાવવામાં આવે છે.

ઉક્ત પત્રની નકલ આપશ્રીની સંસ્થાનાં નોટિસબોર્ડ ઉપર વિદ્યાર્થીઓની જાણ અર્થે મુકવાનો રહેશે.

(મુસદ્દો કુલસચિવશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.)

મદદનીશ કુલસચિવ

બિડાણઃ- સંદર્ભિત પત્રની નકલ.

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં ઈન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાનાઃ-

- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

OFFICE OF THE SUPERINTENDENT OF POLICE JUNAGADH
SARDARBAUG, NR. COLLECTOR OFFICE, OPP. SHASHIKUNJ
DIST.- JUNAGADH PIN – 362001
OFFICE NO:- 0285-2637318 FAX :-0285-2634501
EMAIL ID:- DSP-SHEET-JUN@GUJARAT.GOV.IN

ક્રમાંક:એસબી-૩/૨૫૭/ પ્રોજેક્ટ SPANDAN/૧૧૬૦/૨૦૨૬ તા.૨૯/૦૯/૨૦૨૬

પ્રતિ,
કુલપતિ શ્રી,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
બિલખા રોડ, ખડીયા, જુનાગઢ

**વિષય:-** પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત ઓન-કેમ્પસ નોમિનેશન અરજીઓ મોકલાવવા બાબત.
**આધાર:-** (૧)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/ઇન્ટર્નશીપ/૪૭૨/૨૦૨૬ તા.૧૩/03/૨૦૨૬
(૨)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/ઇન્ટર્નશીપ/૧૭૨૮/૨૦૨૬ તા.૧૮/૦૮/૨૦૨૬

==============================================================

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા., ગાંધીનગરનાઓની કચેરીના ઉપરોકત વંચાણે લીધા પત્રો અન્વયે પ્રોજેક્ટ SPANDAN (Establishment of research fund for Gujarat police) એ ગુજરાત પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલ એક મહત્વની પહેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ દળની કાર્યક્ષમતા વધારવા માટે આધુનીક ટેકનોલોજી અને સંશોધનનો ઉપયોગ કરવાનો છે. ગુજરાત પોલીસ આધુનીક સંશોધન અને શૈક્ષણીક વિષયોના સમન્વય માટે "પ્રોજેક્ટ SPANDAN" હેઠળ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે ઇન્ટર્નશીપ પ્રોગ્રામ હેઠળ ગુજરાત પોલીસ વિધાર્થીઓને ઇન્ટર્ન્સ તરીકે જોડાવવાની તક આપવા માટે રૂ.૨.00 કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના જીલ્લામાં કુલ-03 ઇન્ટર્ન્સ અને નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ વિભાગ જુનાગઢનાઓની કચેરી ખાતે ફાળવેલ-૦૧ ઇન્ટર્ન્સ એમ કુલ-૦૪ ઇન્ટર્ન્સની ફાળવણી કરવા જણાવેલ છે.જે ઇન્ટર્નને દર મહિને રૂ.૮,૦૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવશે.

૨/- આમ,ઉપરોકત પ્રોજેક્ટ SPANDANના નોડલ અધિકારી તરીકે અમોની નિમણુક કરવામાં આવેલ હોય જે બાદ અત્રેથી તા.૧૦/૦૬/૨૦૨૬ના પત્રથી દૈનિક પેપરમાં ઇન્ટર્ન્સ તરફથી અરજીઓ મંગાવવા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ તે અંગે કોઇ ઇન્ટર્ન્સ તરફથી અરજીઓ આવેલ ન હોય જે બાદ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુ.રા.ગાંધીનગરનાઓના આધાર-(૨)ના પત્રથી નજીકની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓનો સાથે સીધો સંપર્ક સાધી ઓન-કેમ્પસ નોમિનેશન મંગાવવા જણાવેલ છે. જે અન્વયે આપના તાબા હસ્તકની કોલેજો ખાતે અભ્યાસ લઇ રહેલા વિદ્યાર્થીઓ પૈકી ઇચ્છા ધરાવતા અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગરનાઓદ્વારા નક્કિ કરેલ શૈક્ષણિક લાયકાત અને પાત્રતા પુર્ણ કરતા ઉમેદવારોની Curriculum Vitae (CV),શૈક્ષણિક પ્રમાણપત્રો સાથેની અરજી તા.૦૫/૧૦/૨૦૨૬ સુધીમાં પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીના શીટ શાખામાં મળી રહે તે મુજબ મોકલી આપવાની કાર્યવાહી આપના હસ્તકની કોલેજોના આચાર્યશ્રીને કરવા વિનંતી છે.
**બિડાણ**: આધાર દર્શીત પત્રો અને SOP.

(એ.એસ.પટણી)
નોડલ અધિકારી સ્પંદન પ્રોજેક્ટ અને
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક, જુનાગઢ

Acad
Pl. put VP
29/9

O/o the DG & IG of Police,
(Administation Divison),
Gujarat State, 1st Floor, Police Bhavan,
Sector-18, Gandhinagar-382018,
Phone No. 079-23254327 Fax No. 079-23246329
E-mail : dgp-e-br@gujarat.gov.in

ક્રમાંક : ઈ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/ઇન્ટર્નશીપ/૭૭૨ /૨૦૨૬ તા. ૧૪/૦૩/૨૦૨૬

**વિષય :** પ્રોજેક્ટ "SPANDAN" હેઠળ ઇન્ટર્નશીપ પ્રોગ્રામના અમલીકરણ અને ગ્રાન્ટના વપરાશ બાબત.

**સંદર્ભ :** ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૧/૦૫/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: HD/TLM/e-file/8/2025/0215/A.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, પ્રોજેક્ટ SPANDAN (Establishment of Research Fund For Gujarat Police) એ ગુજરાત પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી એક મહત્વની પહેલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ દળની કાર્યક્ષમતા વધારવા માટે આધુનિક ટેકનોલોજી અને સંશોધનનો ઉપયોગ કરવાનો છે. ગુજરાત પોલીસમાં આધુનિક સંશોધન અને શૈક્ષણિક વિષયોના સમન્વય માટે 'પ્રોજેક્ટ SPANDAN' હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઇન્ટર્નશીપ પ્રોગ્રામ હેઠળ ગુજરાત પોલીસ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઇન્ટર્ન તરીકે જોડાવાની તક આપવા માટે રૂ.૨.૦૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. પ્રસ્તુત બાબતે ગુજરાત પોલીસ માટે 'પ્રોજેક્ટ SPANDAN' હેઠળ ઇન્ટર્નશિપ પ્રોગ્રામના સુચારુ અમલીકરણ માટે દરેક યુનિટ, CP, SP, અને રેન્જ કચેરી દીઠ કાર્યક્ષેત્ર વાઇઝ કુલ-૧૫૧ ઇન્ટર્ન્સની નીચે મુજબ ફાળવણી કરવામાં આવે છે.

| ક્રમ | એકમનું નામ | ઈન્ટર્ન્સની સંખ્યા |
|---|---|---|
| 1 | જેલ અને સુધારાત્મક વહીવટ | 5 |
| 2 | સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ | 3 |
| 3 | તાલીમ (Training) | 2 |
| 4 | હથિયારી એકમો (Armed Units) | 2 |
| 5 | પી.આર. (Police Reforms) | 2 |
| 6 | પી.&એમ. (Planning & Modernization) | 2 |
| 7 | ઈન્ટેલિજન્સ (Intelligence) | 2 |
| 8 | એસ.સી.આર.બી. (SCRB) | 2 |
| 9 | તકનિકી સેવાઓ (Technical Services) | 2 |
| 10 | એ.ટી.એસ. (ATS) | 2 |
| 11 | વહીવટ (Administration) | 2 |
| 12 | એસ.ટી.બી. (STB) | 2 |
| | કુલ | [illegible] |

| ક્રમ | શહેરનું નામ | ઇન્ટર્ન્સની સંખ્યા |
|---|---|---|
| 1 | અમદાવાદ શહેર | 4 |
| 2 | સુરત શહેર | 4 |
| 3 | રાજકોટ શહેર | 2 |
| 4 | વડોદરા શહેર | 2 |
| | કુલ | **12** |
| **ક્રમ** | **જિલ્લા અને રેન્જ કચેરીઓ** | **ઇન્ટર્ન્સની સંખ્યા** |
| 1 | ૩૪ જિલ્લા પોલીસ અધીક્ષક કચેરી (જિલ્લા દીઠ-3) | 102 |
| 2 | ૦૯ રેન્જ વડાશ્રીની કચેરી (રેન્જ દીઠ ૧) | 9 |
| | કુલ | **111** |
| | **કુલ (Grand Total)** | **151** |

૩. આ સાથે સામેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) મુજબ ઇન્ટર્ન્સની પસંદગી અને માર્ગદર્શનની પ્રક્રિયા સત્વરે હાથ ધરવાની રહેશે.

બિડાણ :- ઉપર મુજબ.

**"Issued with the approval of DG & HoPF"**

( ગગનદીપ ગંભીર )
પોલીસ મહાનિરીક્ષક (વહિવટ)

પ્રતિ,

(૧) પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ)/તાલીમ/હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(3) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, પી.આર./પી. & એમ./ઇન્ટે/સી.સી.ક્રમ એસ.સી.આર.બી./તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૫) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.

(૬) પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહિવટ)/એસ.ટી.બી., ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) તમામ રેન્જ વડાશ્રીઓ.

(૮) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ,રેલ્વે અમદાવાદ/વડોદરા તથા વાવ-થરાદ સહીત)

F:18:59

O/o the DG & IG of Police,
(Administation Divison),
Gujarat State, 1st Floor, Police Bhavan,
Sector-18, Gandhinagar-382018,
Phone No. 079-23254327 Fax No. 079-23246329
E-mail : dgp-e-br@gujarat.gov.in

ક્રમાંક : ઈ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/૧૭૨૮ /૨૦૨૬ તા.૧૮ /૦૮/૨૦૨૬

પોલીસ અધિક્ષકની કચેરી
જૂનાગઢ
તા. 19 AUG 2026
ઇન્વર્ડ નં. ....૪૦૦૯......

**વિષય :** પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત મંજૂર થયેલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સ તથા ઈન્ટર્નશીપ પ્રોગ્રામનો માસિક પ્રગતિ અહેવાલ મોકલી આપવા બાબત.

**સંદર્ભ :** (૧) અત્રેની કચેરીના તા.૧૩/૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક : ઈ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/ઈન્ટર્નશીપ/૪૭૨/૨૦૨૬.

(૨) અત્રેની કચેરીના તા.૧૮/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક : ઈ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN/૧૩૯૩/૨૦૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, ગુજરાત પોલીસ વિભાગમાં આધુનિકીકરણ, ટેકનોલોજીનો વ્યાપ વધારવા અને કાર્યક્ષમતામાં સુધારો લાવવાના હેતુથી પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત સંબંધિત શહેર/જીલ્લા/યુનિટ્સ ખાતે સંશોધનાત્મક કાર્યો માટે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તથા ઈન્ટર્નશીપ પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવેલ છે. તદુપરાંત, આ પ્રોગ્રામના સુચારુ અમલીકરણ માટે દરેક યુનિટ, CP, SP, અને રેન્જ કચેરી દીઠ કાર્યક્ષેત્ર વાઇઝ કુલ-૧૫૧ ઇન્ટર્ન્સની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ-(૨) હેઠળના પત્રથી આપશ્રીની કચેરી/તાબા હેઠળના એકમો ખાતે પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત ચાલી રહેલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તથા ઈન્ટર્નશિપ પ્રોજેક્ટ્સ અને ફાળવવામાં આવેલા ઈન્ટર્ન્સની ભૌતિક તેમજ નાણાકીય પ્રગતિની અધતન સ્થિતિ નિયત પત્રકોમાં તૈયાર કરી અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવેલ હતું.

૨. પ્રસ્તુત બાબતે સંબંધિત શહેર/જીલ્લા/યુનિટ્સ તરફથી પાઠવેલ સદરહુ માહિતીની અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ અધતન સમીક્ષા અનુસાર કેટલાક એકમો ખાતે ઇન્ટર્ન્સ હાજર થઈ પ્રોજેક્ટ કામગીરી શરૂ થઈ ગયેલ છે, જ્યારે કેટલાક એકમો/જિલ્લાઓ ખાતે હજુ સુધી ભરતી કે પસંદગી પ્રક્રિયા પ્રગતિ હેઠળ અથવા બાકી છે. જે અન્વયે તમામ સંબંધિત ખાતાના વડાઓ, પોલીસ કમિશ્નરશ્રીઓ, પોલીસ મહાનિરીક્ષક/નાયબ મહાનિરીક્ષકશ્રીઓ (રેન્જ) તથા પોલીસ અધિક્ષકશ્રીઓએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ આગળની આનુષંગિક કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

**(૧)** જે એકમો ખાતે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (NFSU, IIT-Gandhinagar, BITS-Pilani વગેરે) સાથે MoU પેન્ડિંગ છે; તેમણે આગામી **૧૫ દિવસમાં** તમામ નાણાકીય શરતો આખરી કરી સંબંધિત સંસ્થા સાથે અંતિમ કરાર પૂર્ણ કરવાનો રહેશે.

**(૨)** જે તે શહેર/જિલ્લા/રેન્જ/યુનિટ દ્વારા ઈન્ટર્ન્સની ભરતી, જાહેરાત, ઈન્ટરવ્યુ કે હાજરી સંબંધિત કાર્યવાહી હજુ સુધી શરૂ કરવામાં આવેલ નથી, તેમણે **૧ (એક) માસની અંદર** તમામ પ્રક્રિયા પૂર્ણ કરી ઈન્ટર્ન્સને કાર્યરત કરવાના રહેશે.

**(૩)** જે તે શહેર/જિલ્લા/રેન્જ/યુનિટો ખાતે ઉમેદવારોની અરજીઓ મળેલ નથી, તેમણે માત્ર વર્તમાનપત્રોની જાહેરાત પર નિર્ભર ન રહેતા, નજીકની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ, IIT, NFSU, GNLU વગેરે જેવી સંસ્થાઓ સાથે સીધો સંપર્ક સાધી **ઓન-કેમ્પસ નોમિનેશન (Direct Nominations)** મંગાવી આગળની જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

(૪) જો નિયત ૧ માસની સમયમર્યાદામાં જે તે શહેર/જિલ્લા/રેન્જ/યુનિટ દ્વારા કાર્યવાહી પૂર્ણ કરવામાં નહીં આવે, તો તેમને ફાળવવામાં આવેલ ઇન્ટર્ન્સની મંજૂર સંખ્યા રદ કરી, જરૂરિયાત ધરાવતા અને સક્રિય કામગીરી દર્શાવતા અન્ય જિલ્લાઓ/એકમો ખાતે તબદિલ (Reallocate) કરવાની આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૫) જે તે શહેર/જિલ્લા/રેન્જ/યુનિટ દ્વારા ઇન્ટર્ન્સની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવેલ છે, તેમણે પોતાના તાબા હેઠળના ઇન્ટર્ન્સનો આ સાથે સામેલ સંપૂર્ણ ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ **(DPR) દિન-૦૫ માં** અત્રેની કચેરી ખાતે મોકલી આપવાનો રહેશે.

૩. આમ, હવે પછી આ પ્રોજેક્ટ્સની ચાલી રહેલ કામગીરીની સતત અને નિયમિત સમીક્ષા થઈ શકે તે હેતુથી, આપશ્રીની કચેરી તથા તાબા હેઠળના એકમો ખાતે પ્રોજેક્ટ SPANDAN અંતર્ગત ચાલી રહેલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તથા ઇન્ટર્નશિપ પ્રોજેક્ટ્સ અને ફાળવવામાં આવેલા ઇન્ટર્ન્સની ભૌતિક તેમજ નાણાકીય પ્રગતિની અદ્યતન સ્થિતિ દર્શાવતો **માસિક પ્રગતિ અહેવાલ (Monthly Progress Report)** નિયત પત્રકોમાં તૈયાર કરી, **દર મહિનાની ૧૫ મી તારીખ સુધીમાં** અત્રેની કચેરીને હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપી (Excel Format) માં ઇ-મેઇલ એડ્રેસ: dgp-e-br@gujarat.gov.in પર નિયમિતપણે અચૂક મોકલી આપવા વિનંતી છે.

**બિડાણ : સુધારેલ Annexure-A & B & DPR.**

( ગગનદીપ ગંભીર )
પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)

પ્રતિ,

(૧) પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ)/તાલીમ/હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, પી.આર./પી. & એમ./સી.સી.કમ એસ.સી.આર.બી./તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૫) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.

(૬) પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ)/ઇન્ટે./એસ.ટી.બી./સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) તમામ રેન્જ વડાશ્રીઓ.

(૮) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ બ્રાંચ), અમદાવાદ શહેર.

(૯) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ.રે. અમદાવાદ સહિત)

O/o the DG & IG of Police,
(Administation Divison),
Gujarat State, 1st Floor, Police Bhavan,
Sector-18, Gandhinagar-382018,
Phone No. 079-23254327 Fax No. 079-23246329
E-mail : dgp-e-br@gujarat.gov.in

૧૧૭૩૨
૧૧/૦૭/૨૦૨૬

ક્રમાંક : ઇ/૧૫૩૬/ઇન્ટર્નશીપ/SOP/Amendment/૬૩૮૨ /૨૦૨૬ તા.૧૭/૦૭/૨૦૨૬

પોલીસ અધિક્ષકશ્રીની કચેરી
જૂનાગઢ
Dt. 2 0 JUL 2026
ઇન્વર્ડ નં. ....૩૫૪૯....

**વિષય :** પ્રોજેક્ટ "SPANDAN" હેઠળની ઇન્ટર્નશિપ માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) માં સુધારો/ઉમેરો કરવા બાબત.

**સંદર્ભ :** અત્રેની કચેરીના તા.૧૩/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક : ઇ/૧૫૩૬/પ્રોજેક્ટ SPANDAN /ઇન્ટર્નશીપ/૪૭૨/૨૦૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, ગુજરાત પોલીસ માટે પ્રોજેક્ટ "SPANDAN" હેઠળ ઇન્ટર્નશિપ પ્રોગ્રામના સુચારુ અમલીકરણ માટે અત્રેની કચેરીના સંદર્ભ હેઠળના પત્રથી દરેક યુનિટ, CP, SP, અને રેન્જ કચેરી દીઠ કાર્યક્ષેત્ર વાઇઝ **કુલ-૧૫૧ ઇન્ટર્ન્સની** ફાળવણી તથા આ અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) બહાર પાડવામાં આવેલ છે.

૨. પ્રોજેક્ટ "SPANDAN" ના અમલીકરણ દરમિયાન, ઘણીવાર ઇન્ટર્ન્સને ઇન્ટર્નશિપના કામકાજ માટે ગુજરાત રાજ્યમાં વિવિધ સ્થળોએ મુસાફરી કરવાની જરૂરિયાત ઉભી થાય છે. હાલની SOP માં આ અંગેની જોગવાઈનો અભાવ હોવાથી, ઇન્ટર્ન્સને મુસાફરી ખર્ચ મળવાપાત્ર થાય તે હેતુથી અગાઉ બહાર પાડવામાં આવેલ SOP ના **વિભાગ-૩ (ઇન્ટર્નશિપ સહાય)** માં નીચે મુજબની નવી પેટા-કલમ (૪) નો ઉમેરો કરવામાં આવે છે:

***"૪. ઇન્ટર્ન્સનો મુસાફરી ખર્ચ : ઇન્ટર્ન્સને ઇન્ટર્નશીપના કામે ગુજરાત રાજ્યમાં મોકલવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે તેઓને આવવા-જવા માટે 2nd AC ટ્રેન ભાડું અથવા બસ ભાડું મળવાપાત્ર થશે અને માન્ય ટિકિટ અથવા મુસાફરી કર્યા અંગેના પુરાવા રજૂ કરવા પર પરત (Reimbursement) આપવામાં આવશે."***

૩. સંદર્ભ હેઠળના પત્રથી આપવામાં આવેલ SOP માં દર્શાવેલ અન્ય તમામ શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે. પ્રોજેક્ટ "SPANDAN" હેઠળના ઇન્ટર્ન્સના તમામ વહીવટી કામકાજમાં આ નવી જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**બિડાણ :-** સુધારેલી SOP.

**"Issued with the approval of DG & HoPF"**

( ગગનદીપ ગંભીર )
પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)

**પ્રતિ,**
(૧) પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ)/તાલીમ/હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, પી.આર./પી. & એમ./ઇન્ટે/સી.સી.કમ એસ.સી.આર.બી./તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૫) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
(૬) પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહિવટ)/એસ.ટી.બી., ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૭) તમામ રેન્જ વડાશ્રીઓ.
(૮) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.

# ઇન્ટર્ન માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)

## પોલીસ યુનિટમાં ઇન્ટર્નની નિમણૂક

### ૧. ઉદ્દેશ્ય

૧. ઇન્ટર્નશિપ કાર્યક્રમનો હેતુ પોલીસિંગ ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને જ્ઞાન વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

૨. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકોને પોલીસ કાર્યપ્રણાલીનો અનુભવ મળશે અને પોલીસ યુનિટોને સંશોધન, વિશ્લેષણ, ટેક્નોલોજી વિચાર અને નીતિ સૂચનોનો લાભ મળશે.

### ૨. ઇન્ટર્નશિપનો સમયગાળો

૧. ઇન્ટર્નશિપનો ન્યૂનતમ સમયગાળો ૨ મહિના અને મહત્તમ સમયગાળો ૬ મહિના રહેશે.

૨, ચોક્કસ સમયગાળો સંબંધિત પોલીસ યુનિટ દ્વારા કાર્યના સ્વરૂપ મુજબ નક્કી કરવામાં આવશે.

### ૩. ઇન્ટર્નશિપ સહાય

૧. ઇન્ટર્નને દર મહિને ₹૮,000 (રૂ. આઠ હજાર) સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. ચુકવણી કાર્યની સંતોષકારક કામગીરી અને સોંપાયેલ કામ પૂર્ણ કરવાને આધિન રહેશે.

૨. ઇન્ટર્નને ઇન્ટર્નશિપમાં જોડાવા અને પૂર્ણ કરવા માટે 2nd AC ટ્રેન ભાડું (આવ-જાવ મુસાફરી ખર્ચ) માન્ય ટિકિટ અથવા મુસાફરી પુરાવા રજૂ કરવા પર પરત આપવામાં આવશે.

૩. ઇન્ટર્નશિપ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી અને જરૂરી કામ સબમિટ કર્યા બાદ યુનિટ હેડ દ્વારા ઇન્ટર્નશિપ પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવશે.

**૪. ઇન્ટર્ન્સનો મુસાફરી ખર્ચ: ઇન્ટર્ન્સને ઇન્ટર્નશિપના કામે ગુજરાત રાજયમાં મોકલવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે તેઓને આવવા-જવા માટે 2nd AC ટ્રેન ભાડું અથવા બસ ભાડું મળવાપાત્ર થશે અને માન્ય ટિકિટ અથવા મુસાફરી કર્યા અંગેના પુરાવા રજૂ કરવા પર પરત (Reimbursement) આપવામાં આવશે.**

### ૪. પાત્રતા અને લાયકાત

૧. અરજદારો માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થાના વિદ્યાર્થી અથવા તાજેતરમાં સ્નાતક થયેલા હોવા જોઇએ.

૨. ઉમેદવારો નીચેના ક્ષેત્રોમાં અભ્યાસ કરતા હોય અથવા પૂર્ણ કર્યો હોય શકે:

1 કાયદો (Law)

ii ક્રિમિનોલોજી / ક્રિમિનલ જસ્ટિસ

iii પબ્લિક પોલિસી / પબ્લિક એડમિનિસ્ટ્રેશન

iv આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ / ડેટા સાયન્સ/ મશીન લર્નિંગ

v કમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેક્નોલોજી / સાયબર સિક્યુરિટી

vi સ્ટેટિસ્ટિક્સ/મેથેમેટિક્સ / ઇકોનોમિક્સ

vii સોસિયોલોજી / સાઇકોલોજી / સોશિયલ સાયન્સ

viii મેનેજમેન્ટ અથવા પોલીસિંગ સંબંધિત અન્ય વિષયો

૩. પોલીસિંગ, ગવર્નન્સ, ટેક્નોલોજી અથવા જાહેર સેવા પ્રત્યે રસ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવી શકે.

## ૫. કાર્યના ક્ષેત્રો

૧. ઇન્ટર્ન નીચે મુજબના કાર્યોમાં જોડાઈ શકે:

i. ક્રાઇમ ડેટા વિશ્લેષણ અને સંશોધન

ii. જાહેર સુરક્ષા અને ગુનાખોરી નિવારણ પર સંશોધન

iii. ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સલામતી વિશ્લેષણ

iv. પોલીસિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એનાલિટિક્સ

v. સાયબર ક્રાઇમ અભ્યાસ અને ડિજિટલ તપાસ પદ્ધતિઓ

vi. પોલીસિંગમાં ઉપયોગ થતી ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ

vii. નીતિ સંશોધન અને વહીવટી સુધારા

viii. દસ્તાવેજીકરણ, ડિજિટાઇઝેશન અને પ્રક્રિયા સુધારણા

ix. પોલીસ કર્મચારીઓના આરોગ્ય, ખાસ કરીને માનસિક આરોગ્ય સંબંધિત અભ્યાસ

x. કમ્યુનિટી પોલીસિંગ અને નાગરિક સહભાગિતા મોડેલ

xi. પોલીસ અને પોલીસ કાર્ય સંબંધિત વર્તનાત્મક અભ્યાસ

xii. પોલીસ કામગીરી સંબંધિત અન્ય કોઈપણ ક્ષેત્ર

xiii. જેલ અને સુધારાત્મક સુધારણા

૨. દરેક ઇન્ટર્નને ઇન્ટર્નશિપની શરૂઆતમાં ચોક્કસ વિષય અથવા પ્રોજેક્ટ સોંપવામાં આવશે.

## ૬. પસંદગી પ્રક્રિયા

૧. પોલીસ યુનિટો સત્તાવાર સૂચનાઓ, સંસ્થાઓ સાથે સંપર્ક અથવા ઓનલાઇન/ઓફલાઇન જાહેરાત દ્વારા અરજીઓ મંગાવી શકે.

૨. રસ ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબ દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે:

- Curriculum Vitae (CV)
- શૈક્ષણિક પ્રમાણપત્રો

૩. અરજીઓની પસંદગી લાયકાત, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને સંબંધિત કુશળતા આધારે કરવામાં આવશે.

૪. જરૂર હોય તો યુનિટ દ્વારા ટૂંકું ઇન્ટરવ્યુ (ઓનલાઇન અથવા ઓફલાઇન) લેવામાં આવી શકે.

૫. અંતિમ પસંદગી સંબંધિત યુનિટના વડા અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવશે.

**૭. માર્ગદર્શન અને મોનિટરિંગ**

૧. દરેક ઇન્ટર્નને સંબંધિત પોલીસ યુનિટમાંથી એક મેન્ટર ઓફિસર સોંપવામાં આવશે.

૨. મેન્ટર ઓફિસર ઇન્ટર્નને માર્ગદર્શન આપશે, કામ સોંપશે અને સમાંતરે પ્રગતિની સમીક્ષા કરશે.

૩. ઇન્ટર્ને તમામ સુરક્ષા નિયમો અને વિભાગીય માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે.

**૮. અંતિમ સબમિશન: ઇન્ટર્નશિપ પૂર્ણ થયા બાદ ઇન્ટર્નને નીચે મુજબ કરવું પડશે:**

૧. કરેલ કાર્ય, પદ્ધતિ, વિશ્લેષણ અને ભલામણો દર્શાવતો વિગતવાર ઇન્ટર્નશિપ રિપોર્ટ સબમિટ કરવો.

૨. ઇન્ટર્નશિપ આધારિત સંશોધન લેખ અથવા પેપર સબમિટ કરવું, જે ગુજરાત પોલીસ જર્નલમાં પ્રકાશન માટે વિચારવામાં આવી શકે.

૩. ઇન્ટર્નશિપ દરમિયાન તૈયાર કરાયેલા દસ્તાવેજો, વિશ્લેષણ, સોફ્ટવેર મોડ્યુલ અથવા રિપોર્ટ સબમિટ કરવાના રહેશે.

૪. તૈયાર કરાયેલ કોઈપણ રિપોર્ટ, ડેટાસેટ અથવા સંશોધન પરિણામો સત્તાવાર મંજૂરી વિના બહાર પ્રકાશિત અથવા શેર કરી શકાશે નહીં.

**૯. ગુપ્તતા અને વર્તન**

૧. ઇન્ટર્નશિપ દરમિયાન પ્રાપ્ત તમામ સત્તાવાર માહિતી અને રેકોર્ડની કડક ગુપ્તતા જાળવવી પડશે.

૨. પોલીસ સંસ્થામાં કામ કરતી વખતે યોગ્ય વર્તન, શિસ્ત અને શિસ્તબદ્ધતા જાળવવી ફરજિયાત રહેશે.

**૧૦. રેકોર્ડ જાળવણી: ઇન્ટર્ન જોડતી પોલીસ યુનિટોએ નીચે મુજબના રેકોર્ડ જાળવવાના રહેશે;**

૧. સોંપાયેલા પ્રોજેક્ટ વિષયો

૨. સબમિટ કરાયેલા રિપોર્ટ અને પેપર્સ

૩. વહીવટી રેકોર્ડ જેમ કે જોડાવાની તારીખ, ઇન્ટર્નશિપ સમયગાળો અને ચુકવણી સંબંધિત વિગતો

## ઇન્ટર્ન માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)

## પોલીસ યુનિટમાં ઇન્ટર્નની નિમણૂક

**૧. ઉદ્દેશ્ય**

૧. ઇન્ટર્નશિપ કાર્યક્રમનો હેતુ પોલીસિંગ ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને જ્ઞાન વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

૨. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકોને પોલીસ કાર્યપ્રણાલીનો અનુભવ મળશે અને પોલીસ યુનિટોને સંશોધન, વિશ્લેષણ, ટેક્નોલોજી વિચાર અને નીતિ સૂચનોનો લાભ મળશે.

**૨. ઇન્ટર્નશિપનો સમયગાળો**

૧. ઇન્ટર્નશિપનો ન્યૂનતમ સમયગાળો ૨ મહિના અને મહત્તમ સમયગાળો ૬ મહિના રહેશે.

૨, ચોક્કસ સમયગાળો સંબંધિત પોલીસ યુનિટ દ્વારા કાર્યના સ્વરૂપ મુજબ નક્કી કરવામાં આવશે.

**૩. ઇન્ટર્નશિપ સહાય**

૧. ઇન્ટર્નને દર મહિને ₹૮,000 (રૂ. આઠ હજાર) સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. ચુકવણી કાર્યની સંતોષકારક કામગીરી અને સોંપાયેલ કામ પૂર્ણ કરવાને આધિન રહેશે.

૨. ઇન્ટર્નને ઇન્ટર્નશિપમાં જોડાવા અને પૂર્ણ કરવા માટે 2nd AC ટ્રેન ભાડું (આવ-જાવ મુસાફરી ખર્ચ) માન્ય ટિકિટ અથવા મુસાફરી પુરાવા રજૂ કરવા પર પરત આપવામાં આવશે.

૩. ઇન્ટર્નશિપ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી અને જરૂરી કામ સબમિટ કર્યા બાદ યુનિટ હેડ દ્વારા ઇન્ટર્નશિપ પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવશે.

**૪. ઇન્ટર્ન્સનો મુસાફરી ખર્ચ: ઇન્ટર્ન્સને ઇન્ટર્નશિપના કામે ગુજરાત રાજ્યમાં મોકલવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે તેઓને આવવા-જવા માટે 2nd AC ટ્રેન ભાડું અથવા બસ ભાડું મળવાપાત્ર થશે અને માન્ય ટિકિટ અથવા મુસાફરી કર્યા અંગેના પુરાવા રજૂ કરવા પર પરત (Reimbursement) આપવામાં આવશે.**

**૪. પાત્રતા અને લાયકાત**

૧. અરજદારો માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થાના વિદ્યાર્થી અથવા તાજેતરમાં સ્નાતક થયેલા હોવા જોઇએ.

૨. ઉમેદવારો નીચેના ક્ષેત્રોમાં અભ્યાસ કરતા હોય અથવા પૂર્ણ કર્યો હોય શકે:

1 કાયદો (Law)

ii ક્રિમિનોલોજી / ક્રિમિનલ જસ્ટિસ

iii પબ્લિક પોલિસી / પબ્લિક એડમિનિસ્ટ્રેશન

iv આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ / ડેટા સાયન્સ / મશીન લર્નિંગ

v કમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેક્નોલોજી / સાયબર સિક્યુરિટી

vi સ્ટેટિસ્ટિક્સ/મેથેમેટિક્સ / ઇકોનોમિક્સ

vii સોસિયોલોજી / સાઇકોલોજી/ સોશિયલ સાયન્સ

viii મેનેજમેન્ટ અથવા પોલીસિંગ સંબંધિત અન્ય વિષયો

૩. પોલીસિંગ, ગવર્નન્સ, ટેક્નોલોજી અથવા જાહેર સેવા પ્રત્યે રસ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવી શકે.

## ૫. કાર્યના ક્ષેત્રો

૧. ઇન્ટર્ન નીચે મુજબના કાર્યોમાં જોડાઈ શકે:

i. ક્રાઇમ ડેટા વિશ્લેષણ અને સંશોધન

ii. જાહેર સુરક્ષા અને ગુનાખોરી નિવારણ પર સંશોધન

iii. ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સલામતી વિશ્લેષણ

iv. પોલીસિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એનાલિટિક્સ

v. સાયબર ક્રાઇમ અભ્યાસ અને ડિજિટલ તપાસ પદ્ધતિઓ

vi. પોલીસિંગમાં ઉપયોગ થતી ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ

vii. નીતિ સંશોધન અને વહીવટી સુધારા

viii. દસ્તાવેજીકરણ, ડિજિટાઇઝેશન અને પ્રક્રિયા સુધારણા

ix. પોલીસ કર્મચારીઓના આરોગ્ય, ખાસ કરીને માનસિક આરોગ્ય સંબંધિત અભ્યાસ

x. કમ્યુનિટી પોલીસિંગ અને નાગરિક સહભાગિતા મોડેલ

xi. પોલીસ અને પોલીસ કાર્ય સંબંધિત વર્તનાત્મક અભ્યાસ

xii. પોલીસ કામગીરી સંબંધિત અન્ય કોઈપણ ક્ષેત્ર

xiii. જેલ અને સુધારાત્મક સુધારણા

૨. દરેક ઇન્ટર્નને ઇન્ટર્નશિપની શરૂઆતમાં ચોક્કસ વિષય અથવા પ્રોજેક્ટ સોંપવામાં આવશે.

## ૬. પસંદગી પ્રક્રિયા

૧. પોલીસ યુનિટો સત્તાવાર સૂચનાઓ, સંસ્થાઓ સાથે સંપર્ક અથવા ઓનલાઇન/ઓફલાઇન જાહેરાત દ્વારા અરજીઓ મંગાવી શકે.

૨. રસ ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબ દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે:

- Curriculum Vitae (CV)
- શૈક્ષણિક પ્રમાણપત્રો

૩. અરજીઓની પસંદગી લાયકાત, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને સંબંધિત કુશળતા આધારે કરવામાં આવશે.

૪. જરૂર હોય તો યુનિટ દ્વારા ટૂંકું ઇન્ટરવ્યુ (ઓનલાઇન અથવા ઓફલાઇન) લેવામાં આવી શકે.

૫. અંતિમ પસંદગી સંબંધિત યુનિટના વડા અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવશે.

૭. માર્ગદર્શન અને મોનિટરિંગ

૧. દરેક ઇન્ટર્નને સંબંધિત પોલીસ યુનિટમાંથી એક મેન્ટર ઓફિસર સોંપવામાં આવશે.

૨. મેન્ટર ઓફિસર ઇન્ટર્નને માર્ગદર્શન આપશે, કામ સોંપશે અને સમાંતરે પ્રગતિની સમીક્ષા કરશે.

૩. ઇન્ટર્ને તમામ સુરક્ષા નિયમો અને વિભાગીય માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે.

**૮. અંતિમ સબમિશન: ઇન્ટર્નશિપ પૂર્ણ થયા બાદ ઇન્ટર્નને નીચે મુજબ કરવું પડશે:**

૧. કરેલ કાર્ય, પદ્ધતિ, વિશ્લેષણ અને ભલામણો દર્શાવતો વિગતવાર ઇન્ટર્નશિપ રિપોર્ટ સબમિટ કરવો.

૨. ઇન્ટર્નશિપ આધારિત સંશોધન લેખ અથવા પેપર સબમિટ કરવું, જે ગુજરાત પોલીસ જર્નલમાં પ્રકાશન માટે વિચારવામાં આવી શકે.

૩. ઇન્ટર્નશિપ દરમિયાન તૈયાર કરાયેલા દસ્તાવેજો, વિશ્લેષણ, સોફ્ટવેર મોડ્યુલ અથવા રિપોર્ટ સબમિટ કરવાના રહેશે.

૪. તૈયાર કરાયેલ કોઈપણ રિપોર્ટ, ડેટાસેટ અથવા સંશોધન પરિણામો સત્તાવાર મંજૂરી વિના બહાર પ્રકાશિત અથવા શેર કરી શકાશે નહીં.

૯. ગુપ્તતા અને વર્તન

૧. ઇન્ટર્નશિપ દરમિયાન પ્રાપ્ત તમામ સત્તાવાર માહિતી અને રેકોર્ડની કડક ગુપ્તતા જાળવવી પડશે.

૨. પોલીસ સંસ્થામાં કામ કરતી વખતે યોગ્ય વર્તન, શિસ્ત અને શિસ્તબદ્ધતા જાળવવી ફરજિયાત રહેશે.

**૧૦. રેકોર્ડ જાળવણી: ઇન્ટર્ન જોડતી પોલીસ યુનિટોએ નીચે મુજબના રેકોર્ડ જાળવવાના રહેશે;**

૧. સોંપાયેલા પ્રોજેક્ટ વિષયો

૨. સબમિટ કરાયેલા રિપોર્ટ અને પેપર્સ

૩. વહીવટી રેકોર્ડ જેમ કે જોડાવાની તારીખ, ઇન્ટર્નશિપ સમયગાળો અને ચુકવણી સંબંધિત વિગતો

CS-3

# ઇન્ટર્ન માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)

## પોલીસ યુનિટમાં ઇન્ટર્નની નિમણૂક

### ૧. ઉદ્દેશ્ય

૧. ઇન્ટર્નશિપ કાર્યક્રમનો હેતુ પોલીસિંગ ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને જ્ઞાન વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

૨. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકોને પોલીસ કાર્યપ્રણાલીનો અનુભવ મળશે અને પોલીસ યુનિટોને સંશોધન, વિશ્લેષણ, ટેક્નોલોજી વિચાર અને નીતિ સૂચનોનો લાભ મળશે.

### ૨. ઇન્ટર્નશિપનો સમયગાળો

૧. ઇન્ટર્નશિપનો ન્યૂનતમ સમયગાળો ૨ મહિના અને મહત્તમ સમયગાળો ૬ મહિના રહેશે.

૨. ચોક્કસ સમયગાળો સંબંધિત પોલીસ યુનિટ દ્વારા કાર્યના સ્વરૂપ મુજબ નક્કી કરવામાં આવશે.

### ૩. ઇન્ટર્નશિપ સહાય

૧. ઇન્ટર્નને દર મહિને ₹૮,000 (રૂ. આઠ હજાર) સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. ચુકવણી કાર્યની સંતોષકારક કામગીરી અને સોંપાયેલ કામ પૂર્ણ કરવાને આધિન રહેશે.

૨. ઇન્ટર્નને ઇન્ટર્નશિપમાં જોડાવા અને પૂર્ણ કરવા માટે 2nd AC ટ્રેન ભાડું (આવ-જાવ મુસાફરી ખર્ચ) માન્ય ટિકિટ અથવા મુસાફરી પુરાવા રજૂ કરવા પર પરત આપવામાં આવશે.

૩. ઇન્ટર્નશિપ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી અને જરૂરી કામ સબમિટ કર્યા બાદ યુનિટ હેડ દ્વારા ઇન્ટર્નશિપ પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવશે.

### ૪. પાત્રતા અને લાયકાત

૧. અરજદારો માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થાના વિદ્યાર્થી અથવા તાજેતરમાં સ્નાતક થયેલા હોવા જોઈએ.

૨. ઉમેદવારો નીચેના ક્ષેત્રોમાં અભ્યાસ કરતા હોય અથવા પૂર્ણ કર્યો હોય શકે:

i કાયદો (Law)
ii ક્રિમિનોલોજી / ક્રિમિનલ જસ્ટિસ
iii પબ્લિક પોલિસી / પબ્લિક એડમિનિસ્ટ્રેશન
iv આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ / ડેટા સાયન્સ / મશીન લર્નિંગ
v કમ્પ્યુટર સાયન્સ / ઇન્ફોર્મેશન ટેક્નોલોજી / સાયબર સિક્યુરિટી
vi સ્ટેટિસ્ટિક્સ / મેથેમેટિક્સ / ઇકોનોમિક્સ
vii સોસિયોલોજી / સાઇકોલોજી / સોશિયલ સાયન્સ
viii મેનેજમેન્ટ અથવા પોલીસિંગ સંબંધિત અન્ય વિષયો

CS-2 ૩. પોલીસિંગ, ગવર્નન્સ, ટેક્નોલોજી અથવા જાહેર સેવા પ્રત્યે રસ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવી શકે.

૫. કાર્યના ક્ષેત્રો

૧. ઇન્ટર્ન નીચે મુજબના કાર્યોમાં જોડાઈ શકે:

i. ક્રાઇમ ડેટા વિશ્લેષણ અને સંશોધન
ii. જાહેર સુરક્ષા અને ગુનાખોરી નિવારણ પર સંશોધન
iii. ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સલામતી વિશ્લેષણ
iv. પોલીસિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એનાલિટિક્સ
v. સાયબર ક્રાઇમ અભ્યાસ અને ડિજિટલ તપાસ પદ્ધતિઓ
vi. પોલીસિંગમાં ઉપયોગ થતી ટેક્નોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ
vii. નીતિ સંશોધન અને વહીવટી સુધારા
viii. દસ્તાવેજીકરણ, ડિજિટાઇઝેશન અને પ્રક્રિયા સુધારણા
ix. પોલીસ કર્મચારીઓના આરોગ્ય, ખાસ કરીને માનસિક આરોગ્ય સંબંધિત અભ્યાસ
x. કમ્યુનિટી પોલીસિંગ અને નાગરિક સહભાગિતા મોડેલ
xi. પોલીસ અને પોલીસ કાર્ય સંબંધિત વર્તનાત્મક અભ્યાસ
xii. પોલીસ કામગીરી સંબંધિત અન્ય કોઈપણ ક્ષેત્ર
xiii. જેલ અને સુધારાત્મક સુધારણા

૨. દરેક ઇન્ટર્નને ઇન્ટર્નશિપની શરૂઆતમાં ચોક્કસ વિષય અથવા પ્રોજેક્ટ સોંપવામાં આવશે.

૬. પસંદગી પ્રક્રિયા

૧. પોલીસ યુનિટો સત્તાવાર સૂચનાઓ, સંસ્થાઓ સાથે સંપર્ક અથવા ઓનલાઇન/ઓફલાઇન જાહેરાત દ્વારા અરજીઓ મંગાવી શકે.

૨. રસ ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબ દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે:

- Curriculum Vitae (CV)
- શૈક્ષણિક પ્રમાણપત્રો

૩. અરજીઓની પસંદગી લાયકાત, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને સંબંધિત કુશળતા આધારે કરવામાં આવશે.

૪. જરૂર હોય તો યુનિટ દ્વારા ટૂંકું ઇન્ટરવ્યુ (ઓનલાઇન અથવા ઓફલાઇન) લેવામાં આવી શકે.

૫. અંતિમ પસંદગી સંબંધિત યુનિટના વડા અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવશે.

CS-1

७. માર્ગદર્શન અને મોનિટરિંગ

૧. દરેક ઇન્ટર્નને સંબંધિત પોલીસ યુનિટમાંથી એક મેન્ટર ઓફિસર સોંપવામાં આવશે.

૨. મેન્ટર ઓફિસર ઇન્ટર્નને માર્ગદર્શન આપશે, કામ સોંપશે અને સમયાંતરે પ્રગતિની સમીક્ષા કરશે.

૩. ઇન્ટર્ને તમામ સુરક્ષા નિયમો અને વિભાગીય માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે.

૮. અંતિમ સબમિશન: ઇન્ટર્નશિપ પૂર્ણ થયા બાદ ઇન્ટર્નને નીચે મુજબ કરવું પડશે:

૧. કરેલ કાર્ય, પદ્ધતિ, વિશ્લેષણ અને ભલામણો દર્શાવતો વિગતવાર ઇન્ટર્નશિપ રિપોર્ટ સબમિટ કરવો.

૨. ઇન્ટર્નશિપ આધારિત સંશોધન લેખ અથવા પેપર સબમિટ કરવું, જે ગુજરાત પોલીસ જર્નલમાં પ્રકાશન માટે વિચારવામાં આવી શકે.

૩. ઇન્ટર્નશિપ દરમિયાન તૈયાર કરાયેલા દસ્તાવેજો, વિશ્લેષણ, સોફ્ટવેર મોડ્યુલ અથવા રિપોર્ટ સબમિટ કરવાના રહેશે.

૪. તૈયાર કરાયેલ કોઈપણ રિપોર્ટ, ડેટાસેટ અથવા સંશોધન પરિણામો સત્તાવાર મંજૂરી વિના બહાર પ્રકાશિત અથવા શેર કરી શકાશે નહીં.

૯. ગુપ્તતા અને વર્તન

૧. ઇન્ટર્નશિપ દરમિયાન પ્રાપ્ત તમામ સત્તાવાર માહિતી અને રેકોર્ડની કડક ગુપ્તતા જાળવવી પડશે.

૨. પોલીસ સંસ્થામાં કામ કરતી વખતે યોગ્ય વર્તન, શિસ્ત અને શિસ્તબદ્ધતા જાળવવી ફરજિયાત રહેશે.

૧૦. રેકોર્ડ જાળવણી: ઇન્ટર્ન જોડતી પોલીસ યુનિટોએ નીચે મુજબના રેકોર્ડ જાળવવાના રહેશે:

૧. સોંપાયેલા પ્રોજેક્ટ વિષયો

૨. સબમિટ કરાયેલા રિપોર્ટ અને પેપર્સ

૩. વહીવટી રેકોર્ડ જેમ કે જોડાવાની તારીખ, ઇન્ટર્નશિપ સમયગાળો અને ચુકવણી સંબંધિત વિગતો